ખેડબ્રહ્માની આશ્રમ શાળાના આચાર્ય વિરૂદ્ધ પુસ્તકો પસ્તીમાં વેચી મારવા મામલે ફરીયાદ



# અરવલ્લી જિલ્લામાં હાઈવે પર ધાડપાડુઓ ત્રાટક્યા

## મોડાસાના મોટી ઈસરોલ નજીક પાંચ અજાણ્યા શખ્સોએ ટ્રકચાલકને માર મારી ૩.૬૭ લાખ લઈ ફરાર



મોડાસા, તા. ૧

અરવલ્લી જિલ્લામાંથી પસાર થતા પરપ્રાંતિય ટ્રકચાલકોને નિશાન બનાવી માર મારી લૂંટ ચલાવી ફરાર થઈ જતી રોડ તસ્કર ગેંગ સક્રિય થતાં જીલ્લામાંથી પસાર થતા વાહનચાલકો અને ટ્રક ચાલકોમાં ફફડાટ ફેલાયો છે. સોમવારે રાત્રીના ૧.૩૦ વાગ્યાના સુમારે શામળાજી-ગોધરા રાજ્ય ધોરીમાર્ગ પર આવેલા મોટી ઈસરોલ ગામ નજીક ઉભી રહેલા ટ્રક ચાલકને અજાણ્યા પાંચ-છ શખ્સોએ માર મારી ટ્રકની અંદર રહેલી ૩.૬૭ લાખની રોકડ રકમ લુંટી લઈ ફરાર થઈ જતા મોડાસા રૂરલ પોલીસો ટ્રકચાલકની ફરિયાદના પગલે લુંટારૂગેંગને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. ૧૫ દિવસની અંદર મોડાસા તાલુકામાંથી પસાર થતા ત્રણ ટ્રક ચાલકોને માર મારી રોકડ રકમની લુંટ ચલાવી ફરાર થઈ જતી રોડ તસ્કર ગેંગના સભ્યો નહિ ઝડપાતા પોલીસતંત્રની નિષ્ક્રીય કામગીરી સામે પ્રજાજનોમાં રોષ જોવા મળી રહ્યો છે.

મોડાસા તાલુકાના શામળાજી-ગોધરા રાજ્ય ધોરીમાર્ગ પર આવેલા મોટી-ઈસરોલ ગામ નજીક સોમવારે રાત્રીના સમયે ટરકચાલકને બંધક બનાવી લૂંટી લેવાતા ટ્રકચાલકોમાં ભય ફેલાયો છે. સોમવારે રાત્રીના ૧.૩૦ વાગ્યાના સુમારે મોટી ઈસરોલ નજીક નસીર અહેમદ મા. સકીલ મુઘલ (રહે. મોહરાબીથાઈ તા. સુનર કોટ, જી. પુંજ, જમ્મુ-કાશ્મીર)ની ટ્રક (ગાડી નં. જીકેઓ-૨-એએસ-૭૯૭૨)નું પંકચર પડતા તેના ક્લીનર સાથે ટાયર બદલવાની તજવીજ હાથ ધરી હતી. ત્યાંજ ૩૦ થી ૩૫ વર્ષના ૫ થી ૬ અજાણ્યા શખ્સો ધસી આવી ટ્રકચાલકને માર નજીકના ખેતરમાં ખેંચી જઈ એક શખ્સના માથા પર બાંધેલા કપડાના ટુંકડા કરી તેના વડા ટ્રક ચાલકને હાથ-પગ બાંધી ખેતરમાં નાખી ટ્રકની અંદર ડ્રાયવર સીટની પાછળના બોક્સમાં રાખેલા ૩,૬૭ હજાર લુંટી ફરાર થઈ ગયા હતા. ટ્રકચાલકે હાથ-પગ છોડી ટ્રક નજીક આવી રોકડ રકમની લૂંટ થયેલી જોતા હાંફળો-ફાંફળો બની ગયો હતો. અને લૂંટની ઘટના અંગે મોડાસા રૂરલ પોલીસને જાણ કરતા મોડાસા રૂરલ પોલીસે પાંચ થી છ અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ગુન્હો નોંધી ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા.

### મોડાસા રૂરલ પોલીસે રોડ ગેંગને ઝડપી પાડવા ટોલ પ્લાઝા સીસીટીવીના શરણે

મોડાસા રૂરલ પોલીસે રોડ પર ટ્રક ચાલકોને નિશાન બનાવવાની ૧૫ દિવસની અંદર ત્રણ ઘટનાઓ બનતા મોડાસા રૂરલ પોલીસ દ્વારા રોડ ગેંગને ઝડપી પાડવા ગાજણ ટોલ પ્લાઝા અને વાંટડા નજીકના ટોલપ્લાઝા પર રહેલા સીસીટીવી કેમેરાના ફુટેજ મેળવી તપાસ હાથ ધરી હોવાનું આધારભૂત સુત્રો પાસેથી જાણવા મળ્યું હતુ. ૧૫ દિવસમાં ત્રણ પ્રપ્રાંતિય ટ્રકચાલકોને નિશાન બનાવી લાખ્ખો રૂપિયાની ચોરીની ઘટનાને અંજામ આપતા મોડાસા રૂરલ પોલીસને નાકે દમ લાવી દીધો છે.

# પ્રાંતિજમાં ન્યુ અંકુર ઈલેક્ટ્રોનિક્સની દુકાનમાં તસ્કરોનો હાથફેરો

પ્રાંતિજ, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના હાર્ડ સમાન એપ્રોચ રોડ ઉપર આવેલ ન્યુ અંકુર ઈલેક્ટ્રોનિક શૉ રૂમમાં રાત્રીના સમયે શટલના તાળા તોડી અંદરથી ૮૫૦૦૦ની ચોરી કરી અજાણ્યા તસ્કરો લઈ જતાં પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં શૉ રૂમ માલિક ઈસ્માઈલભાઈ એમ. સુરતી દ્વારા પોલીસ ફરીયાદ કરતાં પ્રાંતિજ પોલીસ દ્વારા ગુનો નોંધી સ્થળ ઉપર









એલીડી ચોરી જતા દુકાન માલિક દ્વારા પોલીસ ફરિયાદ કરાઈ હતી.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ એપ્રોચ રોડ ઉપર આવેલ ન્યુ અંકુર ઈલેક્ટ્રોનિક શૉ રૂમમાં રાત્રીના સમયે પાછળના ભાગે આવેલ શટલજાળીના સળિયા ઉંચા કરી અંદર પ્રવેશ કરી અંદર લગાવેલા સીસી કેમેરાના વાયરો કાપી અંદર રહેલા છ એલીડી જેમાં ત્રણ નવા અને ત્રણ જુના ગ્રાહકોના મળી કુલ છ એલીડી જેની કિંમત રૂપીયા જઈ તપાસ હાથ ધરી છે. જ્યારે છેલ્લા કેટલાક દિવસોથી પ્રાંતિજ તથા તાલુકામાં રાત્રીના સમયે તસ્કરો દ્વારા એક પછી એક ચોરીને અંજામ આપવામાં આવ્યો છે ત્યારે પ્રાંતિજ પોલીસ ઘોર નિંદ્રામાં હોય તેવું હાલ તો જણાઈ આવે છે. ત્યારે હાલ તો તસ્કરો મોજમાને પોલીસ ઘેનમાં હોય તેવું સ્પષ્ટ પણે જણાઈ આવે છે. ત્યારે પોલીસ દ્વારા નિદ્રા વ્રત તોડી રાત્રીના પેટ્રોલિંગ ચાલુ થાય તેવું પ્રાંતિજ તથા તાલુકાના લોકો જણાવી રહ્યા છે.

# પાલનપુર સિવિલના ટ્રોમા સેન્ટરની મહિલા સફાઈ કામદારનું દુઃખદ નિધન

પાલનપુર, તા. ૧

પાલનપુર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા વીસ વર્ષથી સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતી જશીબેન રાઠોડ નામની મહિલાકર્મીને ગતરાત્રે હૃદયરોગનો હૂમલો થતાં દુઃખદ અવસાન થયું હતું. જેઓના દુઃખદ અવસાનથી સિવિલ હોસ્પિટલના સ્ટાફમાં શોકની લાગણી છવાઈ ગઈ હતી. સદગતને શ્રદ્ધાંજલિ અર્પવા શોક સભા યોજાઈ હતી.

પાલનપુર સિવિલના ટ્રોના સેન્ટરમાં ફરજ બજાવતા જશીબેન રાઠોડને ગતરાત્રે અચાનક હાર્ટએટેક આવતા તેઓનું નિધન થયું હતું. જે સમાચાર મળતા સિવિલના સ્ટાફમાં ઘેરા શોકની લાગણી છવાઈ ગઈ હતી. દરમિયાન આજે પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે સિવિલ સર્જન ડૉ. એસ.એન. પટેલની ઉપસ્થિતિમાં શોક સભા યોજાઈ હતી. જેમાં સિવિલના સ્ટાફ દ્વારા સદ્ગતના આત્માની શાંતિ માટે બે મિનિટનું મૌન પાળી તેઓના આત્માની શાંતિ માટે પ્રભુને પ્રાર્થના કરી ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી.



## માંડલા ગામે વીજ કરંટ લાગતા પતી-પત્નિનું ઘટના સ્થળે જ મોત

કાંકરેજ તાલુકાના માંડલા ગામે ખેતરમાં બોરની પાસે બાંધેલ પાડીને છોડવા જતાં બાજુમાં રહેલી વીજ ડીપી પાસે પાડીને છોડવા જતાં બાજુમાં રહેલી વીજ ડીપી પાસે પાડીને કરંટ લાગતા હાથમાં સાંકળ લઈને ઉભેલા હંસાબેન રમેશભાઈ પટેલ ઉં.વ. ૩૦ કરંટ લાગતા બુમો પાડતા જમવા બેસેલ હંસાબેનના પતિ રમેશભાઈ મેઘાભાઈ ઉં.વ. ૩૫ દોડીને છોડાવવા જતાં તે પણ ચોંટી ગયાને ત્રણે ઘટનાસ્થળે જ મોત નીપજતા મૃતક રમેશભાઈ એકના એક ઘરનો ચીરાગ હતો જે પુત્ર અને પુત્રવધૂ ગુમાવતા ગામમાં ને પરીવારમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ હતી. સમગ્ર ગામ અંતેષ્ઠીમાં જોડાયું હતું.



ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન. આર. એ. વિદ્યાલયના પટ્ટાંગણમાં અરવલ્લી જીલ્લા પંચાયત શિક્ષણ સમિતીના ચેરમેનનો સન્માન સમારંભ યોજાયો હતો. અરવલ્લી જીલ્લા પંચાયત શિક્ષણ સમિતીના ચેરમેન શુભેન્દ્રસિંહ સજ્જનસિંહ સિસોદીયાનો સન્માન સમારંભ પ્રસંગે બલભદ્રસિંહ ચંપાવત, મુકેશભાઈ પટેલ, કમલેશભાઈ મહેતા, વિમલભાઈ ઉપાધ્યાય, વી. ટી. ચૌહાણ, રોહિતભાઈ ત્રિવેદી, રાજેશભાઈ પંડ્યા, શાંમળભાઈ પટેલ, મુકેશભાઈ ત્રિવેદી તેમજ સ્ટાફ પરીવાર અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ખેડબ્રહ્માની આશ્રમ શાળાના આચાર્ય વિરૂદ્ધ પુસ્તકો પસ્તીમાં વેચી મારવા મામલે ફરીયાદ

ખેડબ્રહ્મા, તા. ૧

રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા જિલ્લાના ગરીબ વિદ્યાર્થીઓ માટે વિના મુલ્યે વિતરણ કરવા ફાળવેલ પુસ્તકો પૈકી ૧૨૪૧૭ પુસ્તકો રૂ. ૨૦ હજારમાં પસ્તીમાં વેચી મારવા અંગે આદિજાતિ વિકાસ અધિકારી દ્વારા ઉત્તર બુનિયાદી આશ્રમ શાળાના ઈન્ચાર્જ આચાર્ય વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવા પામી છે.

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનથી મળતી વિગતો અનુસાર સાબરકાંઠા જિલ્લામાં આવેલી અનુસૂચિત જનજાતિની આશ્રમશાળામાં રહેતા વિદ્યાર્થીઓને વિના મુલ્યે વિતરણ કરવા રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ ગાંધીનગર તરફથી પુસ્તકો ફાળવવામાં આવે છે. આ પુસ્તકો આશ્રમ શાળા અધિકારી-ખેડબ્રહ્માની કચેરીમાં પુરતી વ્યવસ્થા ન હોવાથી પુસ્તકોનો જથ્થો ઉત્તર બુનીયાદી આશ્રમશાળા ખેડબ્રહ્મા ખાતે મુકવામાં આવતો હતો અને આ પાઠ્ય પુસ્તકોને અલગ અલગ આશ્રમ શાળાઓની જરૂરીયાત મુજબ વિતરણ કરવામાં આવતો હતો અને ઉત્તર બુનિયાદી આશ્રમ શાળાના ઈન્ચાર્જ આચાર્ય બલવંતસિંહ એચ. રાઠોડને મૌખિક જવાબદારી સોંપવામાં આવી હતી.

રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા ફાળવવામાં આવેલ ગરીબ આદીવાસી વિદ્યાર્થીઓના ૧૨૪૧૭ પુસ્તકો ૧૯ ફેબ્રુઆરીના રોજ શાહીબાગ પોલીસ દ્વારા મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. ધો. ૧ થી ૯ના જુદા જુદા

### આશ્રમ શાળાઓની જરૂરીયાત મુજબ પુસ્તકો વિતરણ કરવા આચાર્યને મૌખિક જવાબદારી સોપાઈ હતી

વિષયોની પ્રથમ અને દ્વિતિય સત્રના ૧૨૪૧૭ પુસ્તકો અંગે શાહીબાગ પોલીસે ૨૬ ફેબ્રુઆરીના રોજ આશ્રમશાળા અધિકારીને કરી હતી. જેથી આદિજાતિ વિકાસ અધિકારી બી.એફ. ચૌધરીએ શાહીબાગ પોલીસ સ્ટેશને જઈ પકડાયેલ મુદ્દામાલનું વેરીફીકેશન કરતા કુલ ૧૨૪૧૭ પૈકી ૮૯૮૯ પુસ્તકો વપરાશ લાયક હતા અને ૩૪૨૮ પુસ્તકો પસ્તીમાં જાય તેવા હતા. આ મુદ્દામાલ ખેડબ્રહ્માની સેવાનિકેતન ટ્રસ્ટ સંચાલિત ઉત્તર બુનિયાદી આશ્રમ શાળામાંથી ટ્રક ભરાવવામાં આવ્યો હોવાનું પણ શાહીબાગ પોલીસે જણાવ્યું હતું. આ અંગે ઉત્તર બુનિયાદી આશ્રમ શાળામાં તપાસ કરતા શાળા તરફથી યોગ્ય પ્રત્યુત્તર મળેલ નહી કે આ પુસ્તકો અમદાવાદ કંઈ રીતે પહોંચ્યા તે બાબતે કોઈ યોગ્ય ખુલાસો કરેલ નથી. તેથી ઉત્ર બુનિયાદી આશ્રમ શાળાના ઈન્ચાર્જ આચાર્ય બલવંતસિંહ એચ. રાઠોડે આશ્રમશાળાના વિદ્યાર્થીઓને વિના મુલ્યે ફાળવવામાં આવતા ધો. ૧ થી ૯ના પાઠ્ય પુસ્તકો નંગ ૧૨૪૧૭ અંદાજીત કિંમત રૂ. ૨૦ હજાર થાય છે. સરકારી કર્મચારી તરીકે સરકારે તેમના ઉપર મુકેલ વિશ્વાસનો વિશ્વાસઘાત કરી છેતરપીંડી કરી છે. બનાવ અંગે આદિજાતિ વિકાસ અધિકારી બાબુલાલ ચૌધરીએ ખેડબ્રહ્મા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભિલોડા પાસેના વીરપુર ગામે વહુએ સાસુ પર કેરોસીન નાખતાં ચકચાર

ભિલોડા,તા. ૨૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા પાસેના વીરપુર ગામે વહુએ સાસુ ઉપર કેરોસીન છાંટી દીવાસળી નાખતાં આખાય પંથકમાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડા પોલીસ સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ ફરીયાદી કોટવાળ દિનેશભાઈ ધુળજીભાઈ, રહે.વીરપુરની ફરીયાદ આધારે આરોપી વહુ ઉર્મીલાબેન ગણપતભાઈ કોટવાળ, રહે.વીરપુર તા.૨૮/૨/૨૦૧૬ ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પુત્ર ગણપત તેમજ વહુ ઉર્મીલાબેન ઘરે હતા અને એક બીજા સાથે ઝગડો કરતા હોઈ તેથી ઝગડો ન કરવા કહેતાં આરોપી ઉર્મીલાબેન ગણપતભાઈ કોટવાળએ ઉશ્કેરાઈ જઈ સાસુ લલીતાબેન ઉપર કેરોસીન છાંટી દીવાસળી નાખતાં શરીરના બંન્ને પગ તેમજ કમરમાં દાઝી જતાં ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે લવાયા હતા.નાના ઝગડાએ મોટું રૂપ ધારણ કરી લેતાં આખાય પંથકમાં ધિક્કારની લાગણી પ્રસરી છે. ભિલોડા પોલીસે ધારા ધોરણ મુજબની કાર્યવાહી કરી વધુ તપાસ આરંભી છે.

# ધાનેરા તાલુકાના ભાજણા ગામે ઝુંપડામાં આગ માલસામાન સહીત ઘરવખરી બળીને ખાખ

## ગરીબ પરિવાર બન્યો ઘર વિહોણો : સરકાર દ્વારા આ પરિવારને સહાય અપાય તેવી લોક માંગ

પાલનપુર, તા. ૧

કહેવાય છે કે ભલી મારી છાપરી કદી ન કહે જા પરી... પરંતુ આજ એક છાપરીએ આ પરિવારને ઘરવિહોણો કરી મુક્યો છે. વહેલી સવારે ધાનેરા તાલુકાના ભાજણા ગામમાં એક પરિવારના ઝુંપડામાં આગ ભભુકી ઉઠતા માલ સામાન સહીત ઝુપડુ બળીને ખાખ થઈ ગયું હતું. અને એક પરિવાર ઘર વિહોણો બની ગયો હતો.





બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના ભાજણા ગામે મંગાભાઈ હરીજન નામનો યુવ ખેતરના ઝુંપડામાં રહી ખેતી કરી પોતાનું અને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. પરંતુ આજે વહેલી સવારે ઘરના બધા સભ્યો ખેતરના કામે ગયા હતા તે સમયે અચાનક ઝુંપડામાં આગ ભભુકવા લાગી હતી. જોત જોતામાં વિકરાળ આગે ઝુંપડાને લપેટમાં લીધુ હતુ. એટલું જ નહી ઝુંપડામાં પડેલો તમામ સામાન બળીને ખાખ થઈ ગયો હતો. બીજી તરફ આ પરિવારની વેદના પણ સમજી શકાય છે. ઝુંપડામાં પડેલો સામાન તેમજ પૈસા અને ઘરેણા પણ બલીને ખાખ થઈ ગયા હતા. જેને લઈને આ પરિવાર પર હાલ તો ચિંતાના વાદળો ફરી વળ્યા છે. અને આ પરિવારને કોઈ સહાય કરે તેવી પરિવારજનો અપીલ કરી રહ્યા છે.

જો કે ઝુંપડામાં આગ કેવી રીતે લાગી તેનુ કોઈ કારણ જાણવા મળ્યુ નથી. પરિવાર પોતાના ખેતરમાં કામ કરી રહ્યો હતો ત્યારે અચાનક લાગેલી આગે પરિવારને ચિંતામાં મુકી દીધો છે. હાલ તો આ પરિવાર નિસહાય બન્યો છે.

# ઉત્તર ગુજરાતમાં આકાશ સ્વચ્છ રહેતા ભૂમિપુત્રોમાં રાહત

અરવલ્લી,તા. ૧

ઉત્તર ગુજરાતમાં છેલ્લા ૧૫ દિવસથી વાતાવરણમાં એકાએક કરવટ બદલતા ઋતુનો મિજાજ પણ બદલાતો રહે છે. ક્યારેક ઠંડી તો ક્યારેક ગરમીનો અહેસાસ ઉત્તર ગુજરાતના પ્રજાજનો અનુભવી રહ્યા હતા. છેલ્લા ત્રણ દિવસથી આકાશમાં છવાયેલા વાદળો વિખેરાતા કમોસમી માવઠાનો ભય દૂર થતા ખેડૂતોમાં આનંદ છવાયો હતો. આકાશ સ્વચ્છ થવાની સાથે સાથે અચાનક ગરમીનો પ્રભાવ પણ વધતા પ્રજાજનોને ઉનાળાની ઋતુનો અહેસાસ અનુભવાઈ રહ્યો છે.

સાબરકાંઠા-અરવલ્લી છેલ્લા ૧૫ દિવસથી આકાશે કાળા ડિબાંગ વાદળો ઘેરાઈ આવતા તેની માઠી અસર ખેતી પર પડી હતી અને ન કરે નારાયણને જો કમોસમી માવઠુ થાય તો ખેતીના પાકને સીધી અસર થવાની દહેશત પેદા થતા ખેડૂતોના માથે ચિંતાના વાદળો ઘેરાયા હતા. પલટાયેલા હવામાન વચ્ચે ક્યારેક ગરમી તો ક્યારેક ઠંડીનો અહેસાસ જિલ્લાના પ્રજાજનોને થઈ રહ્યો હતો. ખેડૂતોના માથેથી ભાર હટવાની સાથે સાથે ઠંડી ગાયબ થઈ જતા એકાએક ગરમીનો અહેસાસ લોકોએ અનુભવલ્યો હતો. હજુ સુધી ઠંડી-



બેવડી ઋતુની અસરથી લોકોમાં શરદી, ખાંસી, તાવ, સળેખમ જેવી બિમારીમાં સપડાયા હતા. પરંતુ છેલ્લા ત્રણ દિવસથી બન્નમે જિલ્લાઓમાં અને ઉત્તર ગુજરાતમાં આકાશે વાદળો હટી જતા અને એકદમ સાફ આકાશ રહેતા ગરમીનો બેવડી ઋતુનો મિશ્ર અનુભવ કરતા લોકો વાદળો હટવા સાથે ગરમી અનુભવાઈ હતી. બન્ને જિલ્લાના તાપમાનમાં વધારો થતાની સાથે જ ઓફિસો, દુકાનો, રહેણાંક વિસ્તારોમાં પંખા, ફ્રીજ, એસીની સ્વીચો ચાલુ જોવા મળી રહી છે.

# દિયોદરના લુદરા ગામના રેલવે પાટા નજીકથી હત્યા કરેલ યુવાનનો મૃતદેહ મળ્યો

દિયોદર, તા. ૧

દિયોદર તાલુકાના લુદરા ગામે રહેતો નારણજી હજુરજી ઠાકોરના લગ્ન આઠ વર્ષ અગાઉ દિયોદર તાલુકાના ધ્રાડવડા મુકામે થયા હતા અને તેને સંતાનમાં એક દિકરો અને એક દિકરી હતા અને છ મહીના અગાઉ તેની પત્નિ રીસાઈ પીયર જતી રહી હતી. તેની સાસરી લુદરા ગામે આવતી ન હોવાથી તેનો પતિ પણ સાસરીમાં રહેવા જતો રહ્યો હતો અને કડીયાકામની મજુરી કરતો હતો. ગત રાત્રીએ ઠાકોર નારણજી હજુરજીનો મૃતદેહ લુદરા રેલવે પુલીયાના પાટા ઉપરથી મળી આવતા તેના પિતાએ હજુરજી વાલાજી ઠાકોરે દિયોદર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુન્હો નોંધી તપાસ હાથ ધરતા મરણ જનારની પત્નિની ધરપકડ કરી વધુ પુછ પરછ કરતા તે ભાગી પડી હતી અને તેના પ્રેમીનું નામ આપી પોલીસે આરોપી પ્રવિણ ઠાકોર રહે. થરા, તા. કાંકરેજ અને હાલ રહે. મીઠા, તા. ભાભર તેમજ મરણ જનારની પત્નિ આશાબેન નારણજી ઉપર ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જેમાં મૃતકને બોથડ પ્રદાર્થથી હૂમલો કરી માર મારી તેનું મોત નિપજાવેલ હતુ. આ અંગે કોઈપણને ગંધ ન આવે તે માટે નરાધમ પત્નિ અને તેના પ્રેમીએ મૃતકનો મૃતદેહનો પુરાવો નાશ કરવા માટે મૃતદેહને રેલવે પાટા ઉપર નાખી ત્યાંથી બન્ને જણ ફરાર થઈ ગયા હતા.

આજે મૃતકનો મૃતદેહ રેલવે પુલીયાના પાટા ઉપરથી મળી આવતા સ્થાનિક ગ્રામજનો તેમજ સંબંધીઓએ પોલીસને જાણ કરતા પોલીસે મૃતદેહનો કબ્જો મેળવી પી.એમ. માટે ખસેડેલ છે અને આરોપી પત્નિ અને તેના પ્રેમિને તાત્કાલિક ધોરણે તેની ધરપકડ કરી જેલના સળીયા પાછળ ધકેલી દિધેલ છે. જેમાં તપાસ દરમ્યાન મૃતકની પત્નિ અન્ય પુરૂષ સાથે આડા સંબંધ હોવાના કારણોથી તેનો પતિ કાંટો ન બને તે માટે આ હત્યા કર્યા હોવાનું પોલીસ સમક્ષ કબુલાત કરેલ છે.